## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મેષ**

**આજના ગ્રહોની કુંડળી**

| | | |
|---|---|---|
| ૨ | ૧ ચંદ્ર | ૧૨ |
| ૩ | ૪ | ૧૧ સૂર્ય બુધ કેતુ |
| ૫ વક્રી ગુરુ રાહુ | ૭ | ૯ |
| ૬ | ૮ શનિ મંગળ | ૧૦ |

**બપોરે પોણા પાંચે ચંદ્ર મેષ રાશિમાંથી વૃષભ રાશિમાં પ્રવેશસે. ચાંડાલ યોગ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** રાશિમાં ચંદ્ર સારો છે પણ આઠમે સ્વગૃહી મંગળ - શનિની યુતિ નાનકડા અકસ્માતનો યોગ સર્જે છે. જેથી તમારે સાવધ રહેવું જરૂરી છે. ઈષ્ટ દેવ અને મહાદેવની ભક્તિ પૂજા કરવાથી તમોને ઘણી રાહત રહેશે.

**વૃષભ** આપની રાશિથી ૪-૭-૧૦ સ્થાનોમાં કેન્દ્રમાં તમામ પાપગ્રહો આવેલ છે સાથે સાથે શુભ ગ્રહો પણ આવેલ છે. સિતેર ટકા દિવસ ખરાબ જાય - ત્રીસ ટકા દિવસ સારો જાય - મિશ્ર ફળ મળે.

**મિથુન** આજે આપને અગિયારમે ચંદ્ર છે - છઠ્ઠે મંગળ શનિની યુતિ છે (સારી છે) ત્રીજે ગુરુ રાહુની યુતિ છે આજે તમોને તમારા વ્યવસાયમાં મોટાં સાહસો કરવાના વિચારો આવે. સાવધ રહીને આગળ વધશો.

**કર્ક** દસમે ચંદ્ર ઉત્તમ ગણાય - લોકપ્રિયતાના શિખરો આંબશો - તમારા વ્યવસાયમાં પ્રગતિ કરશો. બીજે રાહુ તમોને તમારી ભાષા પર કાબૂ રાખવાના સંકેત આપે છે - અપશબ્દો ઉચ્ચાશો નહીં.

**સિંહ** કેન્દ્રના ૪-૭માં સ્થાનમાં તેમજ રાશિમાં પાપગ્રહો આવેલ છે સાથે શુભ ગ્રહોની યુતિ આવેલ છે તેથી પચાસ - પચાસ ટકા મિશ્રફળવાળો દિવસ જાય - મિશ્રફળ મળે - સાવધ રહેવું.

**કન્યા** બારમે રાહુ - વક્રી ગુરુની યુતિ તમારી વાણી બગાડે તેમજ વાતચીતમાં અપશબ્દો ઉચ્ચારણ કરાવે માટે શક્ય હોય ત્યાં સુધી વાદવિવાદમાં ઉતરશો નહીં - અહં ના રાખશો નહીં તો પસ્તાશો.

**તુલા** સાતમે ચંદ્ર તમારો દિવસ આનંદમાં અને આળસમાં વિતાવે - કલ્પનાઓમાં વિહરશો તે આપને આપના વિવાહિત જીવનમાં આનંદથી સમય પસાર થશે. નાનકડો પ્રવાસ શક્ય બનશે.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ રાશિમાં શનિ સાથેની યુતિ સાથે - ચોથે - દસમે - સૂર્ય - રાહુ વિગેરેની પ્રતિ યુતિ હોઈ આપને કારણ વગરની બીજા મિત્રોની વ્યાધિ - મુશ્કેલીઓમાં પડવું પડે - સાવધ રહેવું.

**ધન** બારમે મંગળ સ્વગૃહી છે જે શનિ સાથે યુતિમાં છે તેથી અર્થ વગરના વાદ વિવાદથી ઝઘડામાં ન ઉતરવું પડે તેનું ધ્યાન રાખશો. ચંદ્રના મંત્રનુ સ્મરણ કરશો - શત્રુઓની સંખ્યા વધવાના યોગો છે.

**મકર** ચોથે ચંદ્ર માતા તરફથી સુખ આપે તેવા યોગ છે - માતાનો વારસો મળવાના યોગ છે. વડીલોના આશીર્વાદથી તમારો દિવસ આનંદમય જશે એ ચોક્કસ છે. કેન્દ્રમાં ચંદ્ર છે જે સારો યોગ છે.

**કુંભ** રાશિમાં સૂર્ય વૃદ્ધાવસ્થામાં છે જે બે દિવસમાં રાશિ બદલનાર છે માટે સૂર્યથી થતી મુશ્કેલીઓ દૂર થઈ ગઈ છે - હવે સૂર્યના ટેન્શનથી મુક્તિ મળશે. પછી શુભગ્રહોમાં આનંદ મળશે.

**મીન** બારમે સૂર્ય બુધ શુક્ર કેતુની યુતિ સારી નથી. વળી આ યુતિ ચાંડાલ યોગથી દ્રષ્ટ છે તેથી વધુ ખરાબ છે. તંદુરસ્તી સાચવવી - હાડકાના રોગો વધે તેવી યુતિ છે માટે સાવધ રહેવું.

### મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

મારી અનુભૂતિ કંઈક જુદી જ હતી. કેમ કે દેશની સર્વોચ્ચ વ્યક્તિએ મને ધારણ કર્યો હતો અને એ પણ જ્યારે દુનિયાની સર્વોચ્ચ વ્યક્તિ બરાક ઓબામાને મળવાનું હતું ત્યારે, મારી માટે એ ધન્ય ક્ષણો હતી.

કેમ કે એકને દુનિયાનું સર્વોચ્ચ ''નોબેલ પારિતોષિક'' મળી ચૂક્યું છે અને બીજા શ્રી મોદીજીને હવે એ સર્વોચ્ચ પારિતોષિક મળવાનું છે. ત્યારે એવી મહાન વ્યક્તિના વ્યક્તિત્વને પ્રભાવશાળી - આકર્ષક અને મોહક બનાવવાનું સદભાગ્ય મને મળ્યું એ અમારી માટે પણ ગૌરવની વાત છે.

હે મોદી સાહેબ, આપે અમારું ને અમારા કૂળનું ગૌરવ વધાર્યુ છે. મીડિયાવાળાને વાંકું જોવાની ટેવ પડી હોય છે, જો કે તમે તો મીડિયાથી પર છો. છતાંય દર વર્ષે આવી જ રીતે અમારા સૂટ ભાઈઓને ધારણ કરીને એમનું ગૌરવ કરતા રહો. એવી અમારી શુભેચ્છાઓ.

- 9426060601.india @gmail.com

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

એમ કહી શકાય કે ક્લાઈમેટ ચેન્જના ભોરિંગે ફરી એક વખત પાછલા બારણેથી એન્ટ્રી મારીને મોસમોની ગાડીને બેકસીટ ડ્રાઈવ કરવાનું શરુ કરી દીધું છે. અલ નીનો - નામ તો સુના હૈ ના ? જેના પ્રતાપે ગયા વર્ષે પણ કલાયમેટમાં અનેકો ઉથલપાથલ થયેલી એ અલ નીનો ભાયના પ્રતાપે હવે શીયાળા ગુમ થવા માંડ્યા છે અને હવામાન વધુને વધુ વિચિત્ર અને ગરમ થતું જાય છે.

૨૦૧૫ની જેમ જ ૨૦૧૬ પણ વિચિત્ર હવામાન વાળી સ્થીઓનું નિર્માણ કરશે એ નક્કી છે અને શરૂઆત ઘણી જગ્યા એ થઈ પણ ગઈ છે. હજુ આ વીકમાં જ અબુધાબી અને દુબઈમાં પડેલો ભયંકર વરસાદ અને વાવાઝોડું આનો તાજો પરચો છે. અમેરિકામાં ટોર્નેડોની સંખ્યા અને એના આવવાની માત્રા વધતી જાય છે. ભયાનક પૂરો અને દર્દનાક દુષ્કાળો અમેરિકા જેવા સુપર પાવર માટે પણ આમ વાત બનતી જાય છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી આ વખતે શિયાળાની અલી એક્ઝીટ એ વાતનો સંકેત છે કે ઉનાળો લાંબો અને વધુ આકરો થશે. હવામાન શાસ્ત્રીઓના મતે જુન એન્ડ સુધી ગરમીનો પ્રહાર ચાલુ રહેશે આ હિસાબે ઉનાળો લાંબો અને વધુ ગરમ રહેશે એ નક્કી.

- akurjt@gmail.com

# પંચમહાલ : ટ્રેક્ટર કુવામાં ખાબકતા ૧૦ના કરૂણ મોત

## મોટી સંખ્યામાં લોકો અંતિમ સંસ્કારમાં ભાગ લેવા જઈ રહ્યા હતા ત્યારે ટ્રેક્ટર ગબડી પડતા કુવામાં ખાબકી ગયું

અમદાવાદ, તા.૧૨

પંચમહાલમાં લોકો સાથે ભરચક ટ્રેક્ટર કુવામાં ખાબકી જતાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે અને ૨૫થી વધુ લોકોને ઈજા થઈ છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ બનાવ બન્યા બાદ તરત જ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ૧૦૮ને પણ જાણ કરવામાં આવી હતી જેથી પાંચ ટીમો તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ આ બનાવ શહેર ગમન બારિયાના ભોટવા ગામ પાસે બન્યો હતો. મૃતકોના પરિવારોને સરકાર ૪ લાખ રૂપિયા આપશે એવી જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત ઈજાગસ્ત લોકોને સરકારી હોસ્પિટલોમાં મફત સારવાર આપવામાં આવશે.

માહિતી મુજબ ભોટવા ગામે અંતિમક્રિયા માટે બે ટ્રેક્ટર સ્મશાન જઈ રહ્યાં હતા ત્યારે ઢાળ પરથી ટ્રેક્ટર ગબડતાં પાસે આવેલા કુવામાં ખાબક્યું હતું. બનાવને લઈને ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી અને લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકો પણ બચાવ અને રાહત કામગીરીમાં જોડાયા હતા. મળતી માહિતી મુજબ, ટ્રેક્ટરમાં ૫૦ લોકો સવાર હતાં. ટ્રેક્ટર કુવામાં ખાબકતા લગભગ ૨૦ જેટલા લોકો હેમખેમ બહાર આવી ગયા હતા. જ્યારે કુવામાં ફસાયેલા ૩૦ લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્થાનિક લોકો અને ફાયર ફાયટરની મદદથી કુવામાં પડેલા લોકોને બહાર કાઢવા માટે રેસક્યુ ચાલુ છે. હાલ કુવામાંથી સાત લોકોની લાશ મળી આવી છે. જ્યારે એકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જ્યારે હજુ કેટલાક લોકો કુવામાં ફસાયેલા હોવાથી બચાવ કામગીરી ચાલુ છે. અકસ્માતના પગલે પંચમહાલના સીપી તથા કલેકટર ઘટનાસ્થળે દોડી આવ્યા છે. ઉપરાંત પોલીસ, ૧૦૮ની પાંચ ટીમો અને ફાયર ફાયટર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

# ઠગાઈ કેસ : નાસતો ફરતો આરોપી અંતે ઝડપાઈ ગયો

અમદાવાદ, તા.૧૨

મોરબી શહેરમાં ટાઈલ્સના વેપારીઓ સાથે છેતરપિંડી કરવાના કેસમાં છેલ્લા ઘણા સમયથી નાસતો ફરતો આરોપી આખરે ક્રાઈમ બ્રાંચના સકંજામાં આવી ગયો છે. ઝડપાઈ ગયેલા શખ્સની પુચપરછ કરવામાં આવ્યા બાદ વેપારીઓને ચુના લગાડવાની ચોંકાવનારી વિગતો સપાટી ઉપર આવી છે. આ શખ્સ માલસામાન બારોબાર વેચી દઈને સંબંધિત વેપારીઓને ચુનો લગાડીને ફરાર થઈ ગયો હતો. તેને પકડી પાડવા માટે છેલ્લા ઘણા સમયથી પ્રયાસ ચાલી રહ્યા હતા. પરંતુ હવે સફળતા મળી છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે આરોપીને ભીમજીપુરા, નવાવાડજ ખાતેથી ઝડપી પાડ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવાની કાર્યવાહી કરતા હતા. તે દરમ્યાન મોટા વેપારીઓ સાથે છેતરપીડી કરી નાસતા ફરતા આરોપી નૈનેષ ઉર્ફે સાગર ધર્મેશકુમાર મોદી (ઉ.વ.૨૬) પકડાયેલા આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપી વાડજ ખાતે તેના પરીવાર સાથે રહે છે. આરોપી સાબરમતી વિસત પેટ્રોલ પંપ પાસે મોલમાં પાસપોર્ટ વિઝા અને લોનનું કામકાજ કરે છે. પકડાયેલા આરોપી વધુ પુછપરછ કરતાં ૨૦૧૩માં આરોપી તેના મિત્ર સંદીપ ચૌહાણ, કલ્પેશ રબસીયા અને અન્ય મિત્રો સાથે મળી મોરબીના આવકાર હોટલમાં રહી એક ઓફીસ બનાવી હતી. ત્યાર બાદ ટાઈલ્સોની જથ્થાબંધ ખરીદી કરી બારોબાર વેચી દેતા હતા. અને વેપારીઓને પૈસાની ચુકવણી ન કરતાં ઓફીસ બંધ કરી ફરાર થઈ ગયા હતા.



## મોડાસા-ધનસુરા માર્ગ પર એસટી બસ ખાડામાં ખાબકી

અરવલ્લી જિલ્લાના વડુમથક મોડાસા એસ.ટી. ડેપોની મોડાસાથી જામનગર જતી બસ શનિવારે વહેલી સવારે મોડાસાથી ૩ કિમીના અંતરે આગળ વધી હતી ત્યાં જ બસની આગળની લાઈટમાં યાંત્રિક ખામી સર્જાતા બસના ડ્રાયવર-કંડકટરે બસને પાછી ડેપોમાં લઈ જવાનો નિર્ણય કરી બસને રીવર્સ લઈ રહ્યા હતા ત્યારે ધનસુરા તરફથી પૂરઝડપે ઝડપી આવી રહેલી ટ્રકની ટક્કરથી બચવા માટે બસ નં. જીજે૧૮ઝેડ-૦૫૧૧નો ડ્રાયવર ગભરાઈ જતા બસ રોડની સાઈડમાં રહેલા ખાડામાં ઉતરી જતા બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોએ બૂમાબૂમ કરી મુકતા અકસ્માતના પગલે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ અને કંડકટર-ડ્રાયવરે બસમાંથી સલામત રીતે મુસાફરોને બહાર કાઢ્યા હતા. સદનસીબે ખાડામાં બસ ખાબકવા છતાં જાનહાની ટળતા એસટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.



## થરાની મોબાઈલ શોપમાં તસ્કરોનો હાથ ફેરો

બનાસકાંઠાના થરા ખાતે આવેલ આવકાર મોબાઈલ શોપમાં તસ્કરો ત્રાટક્યા હતા અને દુકાનની ઉપરના સીમેન્ટના પતરા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો દુકાનમાં રહેલા મોબાઈલ અને રોકડ મળી અંદાજે દોઢ લાખનો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતા. આ મામલે થરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. થરા ખાતેના આવકાર શૉ રૂમમાં થરાના વેપારી નરેન્દ્રસિંહ સદુભા વાઘેલા મોબાઈલની દુકાન ધરાવે છે. જ્યાં દુકાનમાં તસ્કરોએ દુકાનની છત પરના સીમેન્ટના પતરા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને દુકાનમાં રહેલા જુદી જુદી કિંમતના મોબાઈલ અને રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે માલિકને સવારે જાણ થતા તુરંત થરા પોલીસ સ્ટેશમાં જાણ કરી હતી. પોલીસ તુરંત ઘટનાસ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી.

## પિસ્તોલ અને કારતૂસ સાથે ચાર ઈસમો ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૧૨

દેશી પિસ્તોલ તથા કારતૂસ તથા ચોરીના મોટી સંખ્યામાં મોબાઈલની સાથે પરપ્રાંતિય ચાર ઈસમોની ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ચારેય આરોપીઓની ઓળખ કરી લેવામાં આવી છે. તેમની પાસેથી રોકડ રકમ સહિત કુલ ૩૫૮૨૦નો મુદ્દા માલ જપ્ત કરવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાંચે પર પ્રાતીય ચાર આરોપીઓની અમરાઈવાડી ખાતેથી ધરપકડ કરીને વધુ પુછપરછ હાથ ધરી છે.

### રાહત

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકસભામાં કેરિજ બાય એર (સુધારા બિલ) પસાર કરવામાં આવ્યું હતું. રાજ્યસભામાં ચોક્કસ સુધારા સાથે આ બિલ હાલમાં જ પસાર કરવામાં આવ્યું છે. આ બિલમાં કેટલીક નવી જોગવાઈ જોડવામાં આવી છે. નીચલા ગૃહમાં શુક્રવારના દિવસે લાવવામાં આવ્યા બાદ મૌખિક મતથી આને મંજુરી અપાઈ હતી. હવે રાષ્ટ્રપતિની મંજુરી મળી ગયા બાદ અને કાયદો બની ગયા બાદ ભારતીય વિમાની યાત્રા કરનાર લોકોને તેમના વૈશ્વિક સમકક્ષો દ્વારા ચુકવવામાં આવતા રેટ મુજબ જ વળતરની ચુકવણી કરવી પડશે. મે ૨૦૦૯માં ભારત દ્વારા પણ સ્વીકારવામાં આવેલા મોન્ટ્રીયલ ઠરાવ મુજબ એરલાઈન્સની જવાબદારી બનશે. વિમાની દુર્ઘટનામાં મૃત્યુના કેસમાં વળતરની રકમ સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટના આધાર પર નક્કી થશે. મોત અથવા ઈજા થવાના કેસમાં નુકસાન માટેની મર્યાદા ૧૦૦૦૦૦ એસડીઆરથી ૧૧૩૦૦૦ એકટીઆર મુજબ ગણવામાં આવશે. એસડીઆરની વર્તમાન વેલ્યુ મોટા ચલણના બાસ્કેટના માર્કેટ એક્સચેંજ રેટ ઉપર આધારિત છે જેમાં ડોલર, યુરો, જાપાની યેન અને પાઉન્ડ સ્ટર્લિંગનો સમાવેશ થાય છે. આ બિલમાં વિલંબના કેસમાં દરેક વ્યક્તિ માટે એસડીઆર ૫૧૫૦થી વધારીને ૪૬૯૪ની જગોવાઈ કરાઈ છે. આનો મતલબ એ થયો કે કોઈપણ સંજોગોમાં એરલાઈન્સની જવાબદારી દરેક મામલામાં વધી જશે. એરલાઈન્સ પોતાની ફલાઈટોને વધુ અસરકારકરીતે ઓપરેટ કરી શકશે. વિલંબ થવાની ગતિવિધિમાં ઘટાડો થશે. યાત્રીઓને પહેલાથી જ દરેક બાબતો અંગે જાણ કરવી પડશે. ઉપરાંત અકસ્માતની સ્થિતિમાં પણ જંગી નાણા યાત્રીઓને ચુકવવા પડશે જે આંતરરાષ્ટ્રીય એરલાઈન્સો દ્વારા ચુકવવામાં આવે છે.

### ફુડ સિક્યોરીટી એક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ ઉંમરના હોય તે કુટુંબને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતાં કુટુંબ તરીકે સમાવવામાં આવશે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩નો અમલ તા. ૧-એપ્રિલ-૨૦૧૬થી શરૂ થતાં અગ્રતા ધરાવતાં કુટુંબોને ઘઉં પ્રતિ કીલો માત્ર રૂ. ૨ અને ચોખા પ્રતિ કિલો માત્ર રૂ. ૩ ના ભાવથી વ્યક્તિદીઠ ૫ કીલો પ્રમાણે મળવાપાત્ર થશે. તેમજ અંત્યોદય યોજના હેઠળ દરેક કુટુંબને ૩૫ કીલો અનાજ મળવાપાત્ર થશે.

વ્યાજબી ભાવની દુકાનના સંચાલકને ઘઉં અને ચોખા માટે ભારત સરકાર દ્વારા નક્કી કર્યા મુજબ રૂ. ૭૦ ક્વિન્ટલ દીઠ કમિશન મળશે. આ ઉપરાંત વ્યાજબી ભાવની દુકાનના સંચાલક ઈ.એફ.પી.એસ. પદ્ધતિ હેઠળ ડીવાઈસથી અનાજનું વિતરણ કરશે તો તે વ્યાજબી ભાવના દુકાનદારને ભારત સરકાર દ્વારા નક્કી કરેલ દર રૂ. ૧૭ ક્વિન્ટલ દીઠ વધુ ચુકવવામાં આવશે.

### અટપટુ સાબિત થયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધોરણ-૧૦માં આજે ગણિત વિષયની પરિક્ષામાં જિલ્લામાંથી કુલ ૨૮૯૬૭ પૈકી ૨૮૪૧૧ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે ૫૫૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ગણિતનુ પેપેર વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં અઘરુ પુરવાર થયુ હતુ. વિષય નિષ્ણાંત કિશોર સિંહ રાજપુતના જણાંવ્યા મુજબ ગણિતનુ પેપર વિદ્યાર્થીઓ માટે લેન્ધી પણ સાબીત થયુ હતુ. ભાગ અ માં ૧૫ જેટલા પ્રશ્નો ફેરવીને પુછાતા વિદ્યાર્થીઓને મુંઝવણ થઈ હતી. જયારે ભાગ બમાં ચાર થી પાંચ દાખલા પાઠયપુસ્તકની રકમ બદલીને પુછાયા હતા. રાઈડરનો પ્રશ્ન પણ વિદ્યાર્થીઓની ધારણા બહારનો પુછાયો હતો. જો કે ગણિત જેવા વિષયમાં સ્કોર કરવાનો હોવાથી વિદ્યાર્થીઓ માટે આ પેપર અટપટુ ,અઘરુ અને લેન્ધી હોવાનુ તેમણે જણાંવ્યુ હતુ. વિષય નિષ્ણાંત જગત શાહના જણાંવ્યા મુજબ ગણિતનુ પેપર વિદ્યાર્થીઓ માટે સરળ ન હતુ પરંતુ પ્રમાણમાં લેન્ધી સાબિત થયુ હતુ.

### મેટ્રો ટ્રેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌનો અધિકાર હોવાનો માનવતાવાદી અભિગમ અપનાવી નવી દિશા બતાવી છે. મુખ્યમંત્રીએ હાઉસીંગ માટે ૮૦૦ કરોડ આપ્યા છે. સરકારની આ નિતીથી દરેક વ્યકિતનુ સ્વાભિમાન જળવાય તેનો વિચાર કરવામાં આવ્યો છે. આગામી વર્ષ ૨૦૨૨ સુધી એક પણ વ્યકિત મકાન વિનાનો નહી હોય ગુડાના ૨૧ માં સ્થાપના દિવસની ઉજવણીના તબક્કે તેમણે આવાસ નિર્માણ ક્ષેત્રે ગુડાની કામગીરી બિરદાવી હતી. ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ હતુ કે મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ૧ લાખ પ્રતિચોમી જેટલી કીંમત ધરાવતી મોંઘી જમીનના વિસ્તારમાં નાગરિકોને ઘરનુ ઘર મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગુડાના ૧૬૨૪ પૈકી ૧૩૦૫ મકાનો મહાનગરપાલિકા વિસ્તારમાં વસતા પરિવારજનોને ફાળવવામાં આવ્યા છે.આમ નાગરિકોની જરૂરિયાત સંતોષવા માટે ૧૪ જેટલી દુકાનો પણ બનાવાઈ છે. આ તબક્કે તેમણે ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી પણ પુરુ પાડવામાં આવશે તેવી ખાત્રી પણ આપી હતી. જયારે આગામી દિવસોમાં ગુડા વિસ્તારમાં નવા બાગ બગીચા તેમજ તળાવ સહિત બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવશે તેમ પણ જણાંવ્યુ હતુ.

આ ઉપરાંત રાયસણમાં નવિન પમ્પીંગ સ્ટેશન માટે રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૩૦ એમ એલ ની ક્ષમતા તેમજ ૩૦ કીમીની પાઈપલાઈનની વ્યવસ્થા કરવામાં આવી હોવાનો પણ તેમણે ખ્યાલ આપ્યો હતો.

ગુડાના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે મેયર હંસાબેન મોદી, ધારાસભ્ય શંભુજી ઠાકોર,અશોક પટેલ, પુનમ મકવાણા, પુર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ,ગુડાના મુખ્ય કારોબારી અધિકારી સંધ્યાબેન ભુલ્લર, જિલ્લા કલેકટર રવિશંકર, મ્યુનિ કમિશ્નર ડી એન મોદી સહીત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિતિ રહયા હતા.

**ટચૂકડી જાહેર ખબર**

**ભાડે આપવાનું છે**

સેક્ટર-૨એ, પ્લોટ નં. ૧૦૩/૧, ૨૫૦ મીટરના પ્લોટમાં ઉપર-નીચે અલગ અથવા એક સંપર્ક

મો. ૯૪૦૮૨ ૯૨૮૨૦
૦૭૯-૨૭૬૨૪૪૭૮

**જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૧૫-૧૬**

આ કચેરીમાં જુદી જુદા શાખાઓમાં મેટરીક્ષ EPABX System Vision Pro 4 x 12 (Contig co Line : 4 and along line 12 with caller ID System) સપ્લાય, ઈન્સ્ટોલેશન તથા તમામ કરવેરા સહિતના ભાવો આ કામની ઓથોરાઈઝ એજન્સીઓ પાસે તેમના લેટરપેડ ઉપર નીચે મુજબ યુનિટ રેઈટમાં તા. ૨૨/૩/૨૦૧૬ સુધીમાં અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, રાષ્ટ્રીય ધોરી માર્ગ વર્તુળ, પાટનગર યોજના ભવન, 'એ' બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૬, ગાંધીનગરની કચેરીએ ફક્ત સીલબંધ કવરમાં આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે. કવર ઉપર "EPABX System"ના ભાવો તેમ લખીને મોકલવાના રહેશે.

MATERIAL DESEPRIPTION

| Sr. No. | Desertion | MOU | Qty | Including Supply Instalation all Taxes |
|---|---|---|---|---|
| 1 | EPABX System Vision Pro 4 x 12 (Contig co Line : 4 and along line 12 with caller ID System) | No's | 1 | |

સહી/-
અધિક્ષક ઈજનેર
રાષ્ટ્રીય ધોરી માર્ગ વર્તુળ, ગાંધીનગર

માહિતી/૨૭૯૦/૨૦૧૫-૧૬

**BANASKANTHA DISTRICT CO-OP.MILK PRODUCERS' UNION LTD.**
BANAS DAIRY, PB NO 20, PALANPUR –385001,
PHONE :(02742) 253881 TO 253885.
FAX - 02742 - 252723

REF :BNS/ENGG/PROJ/CIVIL/2016/03 Date : 12/03/2016

**TENDER NOTICE**

BANAS DAIRY invites sealed bid from reputed eligible Civil Contractors for Construction of Boundary Wall for Quarantine Station situated at Village Katarva. Ta. Lakhni , Dist. Banaskantha.

| Sr. No. | Name of work | Estimated Cost | Tender Fee &E.M.D. | Time Period |
|---|---|---|---|---|
| 1 | Construction of Boundary wall forQuarantine station at VillageKatarva . Ta. Lakhni, Dist . Banaskantha. | Rs. 40.50 Lacs | Rs. 1000.00 (One Thousand Only) Rs. 40,500.00 (Forty thousand five hundred only) | 4 months (Four Month) |

- Date & Time for issuing Tender : 5/03/2016 to 30/03/2016 from 10.30 HRS. to 16.00 HRS.
- Last Date & Time submitting of Tender : 31/03/2016 up to 15.30 HRS.
- Date of opening of Tender : 31/03/2016 at 16.30 HRS. at B-II conference hall, Banas Dairy, Palanpur.

Tender can also be downloaded from our website– http:// www.banasdairy.coop The Managing Director, Banas Dairy, Palanpur reserves all rights to accept or reject any or all tenders without assigning any reasons. In case of any dispute, decision of Managing Director, Banas Dairy, Palanpur shall be final and binding to all the bidders.

MANAGING DIRECTOR